# સને ૨૦૧૬માં મધ્ય પ્રદેશનાં ઉજ્જૈનમાં કરાયેલી હત્યા તથા ઉધના પો.સ્ટે.નાં જાતિય હુમલાનાં આરોપીઓને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ :-

સુરત શહેર વિસ્તારમાં ડી.સી.બી.પો.સ્ટે ના પો.સ.ઇ. તથા તેઓની ટીમ પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન મળેલ બાતમી આધારે મધ્યપ્રદેશના ઉજ્જૈન શહેરનાં મહાકાલ પો.સ્ટે.ના । ગુ.ર.નં. ૧૨૫૫/૧૬ ઇ.પી.કો.કલમ ૩૦૨,૧૪૭,૧૪૮,૧૪૯, મુજબ તથા ઉધના પો.સ્ટે. । ગુ.ર.નં.૧૧૬/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૫૪(ડી) મુજબના ગુનામાં સંડોવાયેલ વોન્ટેડ આરોપી (૧) મુકેશ રઘુનાથ પટેલ ઉ.વ-૪૯, રહે- ઘર નં. ૪૭, લક્ષ્મીનગર બમરોલી રોડ પાંડેસરા, સુરત મુળ રહે.ખરેટગામ થાના ભેરૂગઢ તા.જી.ઉજ્જેન (મધ્યપ્રદેશ) તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ પિયુષ પોઇન્ટ પાંડેસરા ખાતેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તેની પૂછપરછ દરમ્યાન સને ૨૦૧૬માં તેના મિત્ર સોનુના પિતા સાથે કૈલાશ ઠાકુરની વતનમાં જૂની અદાવત હોય, જે કૈલાશ ઠાકુરે આરોપીના મિત્ર સોનુના પિતા સાથે મારામારી કરીને ઈજા કરેલ હોય, જેનો બદલો લેવા માટે આરોપીએ અને તેના કાકા તથા સોનુનાં બંને ભાઈ તથા અન્ય એકે મળી મરણ જનાર કૈલાશ ઠાકુરને તલવારનાં ઘા અને લાકડાનાં ડંડાથી ફટકા મારી તેનું મૃત્યુ નિપજાવેલ. જે ગુનામાં આરોપી છેલ્લાં બે વર્ષથી નાસતો ફરતો હતો અને સુરત ખાતે આવી સ્થાયી થઇ ગયેલ, આ ઉપરાંત એક મહિલાનો પીછો કરી હેરાન પરેશાન કરતો હોઇ તેના વિરૂધ્ધમાં ઉધના પો.સ્ટે.માં ગુનો નોંધવામાં આવેલ ઉપરોકત બંને ગુનામાં આરોપી લાબાં સમય સુધી નાસતો-ફરતો-હોય જેને પકડી પાડી, પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.